# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-01-2025** **EVENING : 7.50 to 8.00**
**Day : MONDAY** **National News**

## આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશભરમાં એક સાથે ચૂંટણી યોજવા પર ભાર મૂકીને યુવાનોને આ મુદ્દે વિશદ ચર્ચા કરવા અનુરોધ કર્યો
2) ઉત્તરાખંડમાં આજથી સમાન નાગરિક ધારાનો અમલ - આ કાયદાનો અમલ કરનાર દેશનું પ્રથમ રાજ્ય
3) માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવ અને સંસ્કૃતિ મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતે વેવ્ઝ બાઝાર, વાહ ઉસ્તાદ ચેલેન્જની જાહેરાત કરી
4) સંયુક્ત સંસદીય સમિતિ-JPC એ વિવાદાસ્પદ વકફ સુધારા ખરડાને મંજૂરી આપી
5) ICC દ્વારા જસપ્રિત બુમરાહ મેન્સ ટેસ્ટ ક્રિકેટર ઓફ ધ યર અને સ્મૃતિ મંધાના વન-ડે ક્રિકેટમાં સર્વશ્રેષ્ઠ મહિલા ખેલાડી જાહેર

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM-NCC RALLY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 'એક રાષ્ટ્ર એક ચૂંટણી' હેઠળ દેશભરમાં એક સાથે ચૂંટણી યોજવા પર ભાર મૂકીને યુવાનોને આ મુદ્દે વિશદ ચર્ચા કરવા અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું કે, અલગ અલગ સમયે ચૂંટણીઓ યોજવાથી કાર્યોની ગતિ અને ઝડપમાં અવરોધ આવે છે.

આજે નવી દિલ્હીમાં કરિયપ્પા મેદાન ખાતે નેશનલ કેડેટ કોર્પ્સ- NCC ની વાર્ષિક રેલીને સંબોધતા શ્રી મોદીએ રાષ્ટ્રનાં નિર્માણમાં યુવાનોની ભૂમિકાની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું કે, એનસીસી કેડેટ્સની સંખ્યા 2014માં 14 લાખ હતી, જે વધીને 20 લાખ થઈ છે.

(BYTE PM Modi)

પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, છેલ્લાં 10 વર્ષમાં યુવાનોએ દોઢ લાખથી વધુ સ્ટાર્ટઅપ શરૂ કર્યા છે અને તેઓ વિશ્વની ટોચની કંપનીઓની આગેવાની લઈ રહ્યા છે.

આ પ્રસંગે કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, સંરક્ષણ રાજ્ય મંત્રી સંજય સેઠ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ વર્ષની રેલીની વિષય વસ્તુ હતીઃ "યુવા શક્તિ, વિક્સિત ભારત"

. . . . . . . . . . . . . . . .

# PM-ODISHA CONCLAVE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતી કાલે ભુવનેશ્વરમાં જનતા મેદાન ખાતે 'ઉત્કર્ષ ઓડિશાઃ મેક ઇન ઓડિશા' સંમેલનનું ઉદ્ઘાટન કરશે. બે દિવસનાં આ સંમેલનમાં 20 દેશોમાંથી સાડા સાત હજારથી વધુ પ્રતિનિધીઓ આવશે. ઓડિશા રાજ્યની અત્યાર સુધીનાં સૌથી મોટા વેપાર સંમેલન માટે સજ્જ છે. સંમેલનમાં 100થી વધુ સમજૂતિપત્રો પર હસ્તાક્ષર કરવામાં આવશે, જેનાથી સાડા ત્રણ લાખથી વધુ રોજગારીનું સર્જન થવાનો સંભાવના છે.

. . . . . . . . . . . . . . . .

## NATIONAL GAMES DEHRADUN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 28 જાન્યુઆરીએ ઉત્તરાખંડના દેહરાદૂન સ્થિત મહારાણા પ્રતાપ સ્ટેડિયમ ખાતે 38મા રાષ્ટ્રીય રમતોત્સવનું ઉદ્ઘાટન કરશે.

આકાશવાણીના દહેરાદુનના પ્રતિનિધી જણાવે છે કે, ઉદ્ઘાટન સમારોહ માટે કેન્દ્રીય મંત્રીઓ, ભારતીય ઓલિમ્પિક સંઘ અને રાષ્ટ્રીય ખેલાડીઓ સહિત વિવિધ મહેમાનોનું આગમન શરૂ થઈ ગયું છે. રાજ્યના રમતગમત મંત્રી રેખા આર્યએ ભારતીય ઓલિમ્પિક એસોસિએશનના પ્રમુખ પીટી ઉષાનું આજે દેહરાદૂન એરપોર્ટ પર સ્વાગત કર્યું હતું. 14 ફેબ્રુઆરી સુધી ચાલનારો રમતોત્સવ રાજ્યનાં 8 જિલ્લાનાં 11 શહેરોમાં યોજાશે. 35 રમતોમાં કુલ 47 સ્પર્ધા યોજાશે.

. . . . . . . . . . . . . . . .

## AMIT SHAH-PRAYAGRAJ

**અને હવે કુંભ અંગેનાં સમાચાર**

**(Music Kumbh )**

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે પ્રયાગરાજમાં મહાકુંભ ખાતે ગંગા, યમુના અને સરસ્વતીના ત્રિવેણી સંગમના જળમાં પવિત્ર ડૂબકી લગાવી હતી. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, યોગ ગુરુ સ્વામી રામદેવ, વિવિધ મઠો, મંદિરો અને અખાડાના સંતોએ પણ શ્રી શાહની સાથે પવિત્ર ડુબકી લગાવી હતી.

ગૃહ મંત્રીએ આ પ્રસંગે વિશેષ પુજા અર્ચના પણ કરી હતી અને સંગમ આરતીમાં ભાગ લીધો હતો. શ્રી શાહે આચાર્ય મહામંડલેશ્વર અવધેશાનંદ, મહંત હરિ ગિરી અને મહંત પ્રેમ ગિરી સાથે મહાકુંભની વ્યવસ્થા અંગે વિશેષ ચર્ચા કરી હતી.

કેન્દ્રીય લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુએ પણ સંગમમાં પવિત્ર ડુબકી લગાવી હતી.

**(Music Kumbh )**

. . . . . . . . . . . . . . . .

## UTTARAKHAND UCC

ઉત્તરાખંડમાં આજથી સમાન નાગરિક ધારાનો અમલ શરૂ થયો છે. આ કાયદાનો અમલ કરનાર ઉત્તરાખંડ દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે.

2022ની વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ યુસીસીનો અમલ કરવાનું વચન આપ્યું હતું. આ કાયદો તમામ નાગરિકોને સમાન અધિકારો આપે છે.

પ્રસ્તુત છે અમારા પ્રતિનિધીનો અહેવાલ...

(BYTE UCC Sakshai Singh)

. . . . . . . . . . . . . . . .

## PRE-BUDGET EXPECTATION- AGRI EXPERT

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ, આગામી પહેલી ફેબ્રુઆરીએ નાણાકીય વર્ષ 2025-26 માટેનું કેન્દ્રીય બજેટ રજૂ કરશે. કેન્દ્રીય બજેટ રજૂ થાય તે પહેલાં આકાશવાણી સમાચાર, નિષ્ણાતો અને લોકોની કેન્દ્રીય બજેટ પાસેથી અપેક્ષાઓ રજૂ કરતી એક વિશેષ શ્રેણી પ્રસારીત કરી રહ્યું છે.

ભારતીય કૃષિ સંશોધન સંસ્થા (IARI)ના ભૂતપૂર્વ મુખ્ય વૈજ્ઞાનિક, ડૉ. જે.પી.એસ. દાબાસે, આકાશવાણી સમાચાર સાથે વાત કરતાં જણાવ્યું કે, આ બજેટમાં સરકારે ખેડૂતોને સર્વાંગી રીતે ટેકો આપવો જોઈએ, જેથી તેઓ સારા પાકનું ઉત્પાદન કરી શકે. ખેડૂતોને સારી ગુણવત્તામાં પાકના બીજ, ખાતર અને અન્ય સુવિધાઓ પૂરી પાડવી જોઈએ. તેમણે ઉમેર્યું કે તમામ કૃષિ સાધનો પર GST કર ઘટાડવો જોઈએ.

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

## I&B MINISTER - WAVES

માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવ અને સંસ્કૃતિ મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતે આજે નવી દિલ્હીમાં વેવ્ઝ બાઝાર, વાહ ઉસ્તાદ ચેલેન્જ અને વેવ્સ પુરસ્કારોની જાહેરાત કરી હતી. એક કાર્યક્રમને સંબોધતા શ્રી વૈષ્ણવે જણાવ્યું કે, ભારતને તેનાં વારસા, ભવ્ય સંસ્કૃતિ અને કથાવાચન માટે વૈશ્વિક મંચ પર ઘણું  મહત્વ મળી રહ્યું છે.

આ પ્રસંગે સંસ્કૃતિ મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતે જણાવ્યું કે, ભારત કથાકારોનો દેશ છે અને આજે રજૂ કરવામાં આવેલી પહેલ ભારતનાં સોફ્ટ પાવરને વિશ્વ સમક્ષ રજૂ કરશે.

શ્રી શેખાવતે વેવ્ઝ બાઝાર અંગે વધુ માહિતી આપીઃ

**(BYTE Shekhavat )**

માહિતી અને પ્રસારણ મંત્રી સંજય જાજુએ જણાવ્યું કે, વેવ્ઝ બાઝાર પરિવર્તનકારી પહેલ છે, જે માધ્યમ સંબધિત સામગ્રીનાં ગ્રાહકો અને વિક્રેતાઓને એક મંચ પર લાવશે. વાહ ઉસ્તાદ એ શાસ્ત્રીય અને અર્ધશાસ્રીય પ્રતિભાઓને શોધવાની અનોખી સ્પર્ધા છે. વેવ્ઝ પુરસ્કાર માટે 15 ફેબ્રુઆરી સુધી અરજી કરી શકાશે.

. . . . . . . . . . . . . . . .

# DELHI ELECTION

આમ આદમી પાર્ટીના કન્વીનર અરવિંદ કેજરીવાલે આજે દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે પક્ષનો ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો હતો. શ્રી કેજરીવાલે પોતાની સરકાર રચાય તો 15 ગેરન્ટીઓ પૂર્ણ કરવાનું વચન આપ્યું છે, જેમાં રોજગારની તકો, મેડીકલ સારવાર માટે સંજીવની સ્કીમ, દરેક મહિલાને દર મહિને 2100 રૂપિયાની ચૂકવણી અને પાણીના જૂના બિલ માફ કરવાનો સમાવેશ થાય છે.

દરમિયાન, ભારતીય જનતા પાર્ટીએ આમ આદમી પાર્ટી પર દલિત વિરોધી હોવાનો આરોપ મૂક્યો છે. પત્રકાર પરિષદમાં ભાજપના વરિષ્ઠ નેતા સંબિત પાત્રાએ આક્ષેપ કર્યો કે પંજાબના અમૃતસરમાં ડોક્ટર ભીમરાવ આંબેડકરની પ્રતિમાને ખંડિત કરવામાં આવી. શ્રી પાત્રાએ આ મુદ્દે અરવિંદ કેજરીવાલનાં રાજીનામાની માંગણી કરી હતી. ચૂંટણી ઢંઢેરા અંગે પ્રતિક્રિયા આપતા કોંગ્રેસના પ્રવક્તા અસ્માએ આકાશવાણી

સમાચારને જણાવ્યું કે, આમ આદમી પાર્ટીએ અગાઉ આપેલા વચનો પૂર્ણ ન કર્યા હોવાથી લોકોએ પક્ષને ફગાવી દીધો છે.

. . . . . . . . . . . . . . . .

## JPC CLEARS WAQF BILL

સંયુક્ત સંસદીય સમિતિ-JPC એ આજે વિવાદાસ્પદ વક્ફ સુધારા ખરડાને મંજૂરી આપી દીધી છે. સમિતિએ ભાજપની આગેવાની હેઠળના એનડીએ દ્વારા સૂચવવામાં આવેલા 14 સુધારાઓ પણ મંજૂર કર્યા હતા. દેશમાં કાર્યરત વક્ફ બોર્ડનાં વહીવટમાં સુધારા લાવવાના હેતુથી તૈયાર કરવામાં આવેલાં આ ખરડાને 10 વિરુધ્ધ 16 મતોથી પસાર કરવામાં આવ્યો હતો.

પત્રકારો સાથેની મુલાકાતમાં JPC ના અધ્યક્ષ જગદંબિકા પાલે કહ્યું, સંસદીય સમિતિની આ અંતિમ બેઠક હતી અને બહુમતીથી 14 સુધારાઓ પસાર કરવામાં આવ્યા છે. બજેટ સત્ર દરમિયાન વક્ફ (સુધારા) બિલ પર JPC પોતાનો અહેવાલ રજૂ કરશે. સંસદના શિયાળુ સત્ર દરમિયાન સમિતિનો કાર્યકાળ વધારવામાં આવ્યો હતો.

. . . . . . . . . . . . . . . .

## ICC- BUMRAH - SMRUTI MANDHANA

ભારતનાં ઝડપી બોલર જસપ્રિત બુમરાહને 2024માં તેમનાં ઉત્કૃષ્ટ  દેખાવ બદલ આઇસીસી મેન્સ ટેસ્ટ ક્રિકેટર ઓફ ધ યર પુરસ્કારનાં વિજેતા જાહેર કરવામાં આવ્યા છે. બુમરાહે 2024માં 13 મેચમાં 14.92 રનની સરેરાશ સાથે 13 મેચોમાં 357 ઓવરમાં 71 વિકેટ લીધી હતી. મુશ્કેલ યોર્કર અને નોંધપાત્ર સાતત્યતા માટે જાણીતા બુમરાહે ક્રિકેટનાં વિવિધ સ્વરૂપમાં ભારતનાં વિજયમાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

આઇસીસી દ્વારા સ્મૃતિ મંધાનાની ફરી એક વાર 2024 માટે મહિલા એક દિવસીય ક્રિકેટમાં સર્વશ્રેષ્ઠ ખેલાડી તરીકે પસંદ થઈ છે. આઇસીસીએ ગયા વર્ષે એક દિવસીય ક્રિકેટમાં ઉત્તમ પ્રદર્શન કરવા બદલ મંધાનાની પસંદગી કરી છે.

. . . . . . . . . . . . . . . .